BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
"જ્યોતિર્મય" પરિસર,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ – 382 481.
E-mail : office.academic@baou.edu.in Website : www.baou.edu.in

નં.બા.આં.ઓ.યુ/નિયા(એકે.)/330/2018 તા.12/03/2018

## એકેડેમિક પ્લાનિંગ બોર્ડ

## 46મી બેઠક, તા. 12-03-2018, સોમવાર

## કાર્યનોંધ

યુનિવર્સિટીના એકેડેમિક પ્લાનિંગ બોર્ડની 46મી બેઠક તા. 12/03/2018ને સોમવારના રોજ બપોરે 01:30 કલાકે યુનિવર્સિટીના બોર્ડરૂમ ખાતે મળેલ હતી. જેમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

1. ડૉ. પંકજ એલ. જાની, માનનીય કુલપતિશ્રી — અધ્યક્ષશ્રી
2. ડૉ. આવા શુક્લ — સભ્યશ્રી
3. ડૉ. એ.એસ. રાઠોર — સભ્યશ્રી
4. પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય — સભ્યશ્રી
5. પ્રો. (ડૉ.) નિલેશ મોદી — સભ્યશ્રી
6. પ્રો. (ડૉ.) અજીતસિંહ રાણા — સભ્યશ્રી
7. ડૉ. અવની ત્રિવેદી — સભ્યશ્રી
8. શ્રી પંકજભાઈ શુક્લ — સભ્યશ્રી
9. શ્રી સુનિલભાઈ શાહ — સભ્યશ્રી
10. પ્રો. (ડૉ.) મહેન્દ્રભાઈ ચોટલીયા — સભ્યશ્રી
11. શ્રી અંકિતભાઈ પટેલ — સભ્યશ્રી
12. ડૉ. યોગેન્દ્રભાઈ પારેખ — સભ્યશ્રી
13. ડૉ. મનોજ શાહ — સભ્યસચિવ

પ્રો. (ડૉ.) કમલભાઈ મહેતા, ડૉ. અવનીબેન મણિયાર અને શ્રી તપન મહેતા બેઠકમાં ઉપસ્થિત રહી શકયા ન હતા . બેઠકની શરૂઆતમાં માનનીય કુલપતિશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકાર આપવામાં આવ્યો ત્યારબાદ નીચે મુજબની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી.

| | |
|---|---|
| બાબત નં. 46.01 | એકેડેમિક પ્લાનિંગ બોર્ડની 45મી બેઠકની કાર્યનોંધ મંજુર કરી બહાલી આપવા બાબત. |
| ઠરાવ | એકેડેમિક પ્લાનિંગ બોર્ડની 45મી બેઠકની કાર્યનોંધને વંચાણે લઇ તેમાં લીધેલા નિર્ણયને સૌ સભ્યશ્રીઓ દ્વારા બહાલી આપવામાં આવી. |
| બાબત નં. 46.02 | કાઉન્સિલ ઓફ સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટની તા.09/03/2018ની કાર્યનોંધ બાબત. |

| | |
|---|---|
| ઠરાવ | કાઉન્સિલ ઓફ સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટની તા.09/03/2018ના રોજ યોજાયેલ ચતુર્થ બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી. |
| બાબત નં. 46.03 | કાઉન્સિલ ઓફ સ્કૂલ ઓફ એજ્યુકેશન, ડીસ્ટન્સ એજ્યુકેશન એન્ડ એજ્યુકેશનલ ટેકનોલોજીની તા.22/02/2018ની કાર્યનોંધ બાબત. |
| ઠરાવ | કાઉન્સિલ ઓફ સ્કૂલ ઓફ એજ્યુકેશન, ડીસ્ટન્સ એજ્યુકેશન એન્ડ એજ્યુકેશનલ ટેકનોલોજીની તા.22/02/2018ના રોજ યોજાયેલ બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી. |
| બાબત નં. 46.04 | તૃતીય પદવીદાન(Convocation) સમારંભ યોજવા બાબત. |
| ઠરાવ | યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમમાં સ્નાતક અને અનુસ્નાતક તરીકે. ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે પદવીદાન(Convocation) સમારંભ તા.03/05/2018ના રોજ યોજવાની બાબતને મંજૂરી આપવામાં આવી. |
| બાબત નં. 46.05 | યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની માર્કશીટ અને ડીગ્રી પ્રમાણપત્ર એનાયત કરવા બાબત. |
| ઠરાવ | યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક અભ્યાસ પૂર્ણ કરેલ હોઈ તેઓને માર્કશીટ અને પ્રમાણપત્ર આપવાની બાબતને એકેડેમિક પ્લાનિંગ બોર્ડના સૌ સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓએ પસંદગી અનુસાર વિષયમાં ફેરફાર કરી તેને CBCS અંતર્ગત માન્ય ગણી તે વિદ્યાર્થીઓને પણ અભ્યાસ પૂર્ણ કરેલ હોઈ માર્કશીટ અને પ્રમાણપત્ર આપવા મંજૂરી આપવામાં આવેલ. |
| બાબત નં. 46.06 | Feb-2018નાં પ્રવેશસત્ર આધારે છાપકામનો ઓર્ડર આપવા બાબત. |
| ઠરાવ | ફેબ્રુઆરી-2018ના સત્રમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે તથા મટીરિયલ વિભાગમાં સ્ટોકને આધારે ફેબ્રુઆરી-2018ના સત્રના વિદ્યાર્થીઓ માટે છપાવવાની થતી અભ્યાસ-સામગ્રીની યાદી પરિશિષ્ટ-Iમાં સામેલ છે. જે અંગે આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા નક્કી થયેલ પ્રિન્ટર/સંસ્થા/L-1 પાર્ટીને કાર્ય સોપવાનું રહેશે. |
| બાબત નં. 46.07 | Aug-2017માં રીવાઈઝ થયેલાં અભ્યાસ સામગ્રીનાં છાપકામ બાબત. |
| ઠરાવ | • જુલાઈ-2017ના પ્રવેશસત્રમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓને તેમના પ્રવેશ લીધેલ અભ્યાસક્રમની અભ્યાસ સામગ્રી પૂરી પાડવા માટે છાપકામ કરવાનું થયેલું હતું. ખરીદ સમિતિની તા.01/08/2017ની બેઠકમાં બાબત નં. 25.2માં ઠરાવ્યા મુજબ 'સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી' –પ્રેસમાં કામગીરી કરાવવામાં આવેલ. જેની યાદી પરિશિષ્ટ–IIમાં છે. (નં.બા.આ.ઓ.યુ./રજી/વહી/40869/2017, તા.05/08/2017)<br>• તા.22/02/2017ના રોજ દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત દ્વારા છાપકામ માટે ઈ-ટેન્ડર કરાયું હતું. જે ખરીદ-સમિતિની બેઠક નં. 25 તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક નં. 71 મુજબ આ ટેન્ડર રદ થયેલ. આ ઉપરાંત તા.30/09/2017ના રોજ યુનિવર્સિટીમાંથી ફરી છાપકામનું ઇ-ટેન્ડર થયું, જેમાં ભાવ વધારે જણાતા રદ |

| | |
|---|---|
| | કરાયું. ચૂંટણીના કાર્ય અર્થે સરકારી પ્રેસ દ્વારા અભ્યાસ-સામગ્રીનો બીજા તબક્કાનો ઓર્ડર લેવામાં ન આવતા, તા.06/11/2017ની પ્રકાશન સમિતિમાં આ અભ્યાસ-સામગ્રી એડલ્ટ ટ્રેનીંગ સેન્ટર ફોર ધી બ્લાઇન્ડ, અમદાવાદને આપવાનું ઠરાવવામાં આવ્યું. જે અન્વયે જે ઓર્ડર અપાયો (નં.બા.આ.ઓ.યુ/મટીરિયલ/48233/2017, તા.13/11/2017) અને (નં.બા.આં.ઓ.યુ/મટીરિયલ/49345/2017, તા.21/11/2017) જે ઓર્ડરની નકલ પરિશિષ્ટ – III, IVમાં સંલગ્ન છે. જે બાબતને મંજૂરી આપવામાં આવે છે. |
| બાબત નં. 46.08<br><br>ઠરાવ | મૌલિક લખાણ, ડી.ટી.પી., પ્રૂફરીડિંગ અને આનુષાંગિક પુરસ્કાર અંગેની પેટાસમિતિની કાર્યનોંધ બાબત.<br>મૌલિક લખાણ, ડી.ટી.પી., પ્રૂફરીડિંગ અને આનુષાંગિક પુરસ્કાર અંગેની પેટાસમિતિના સૂચનોને પુનઃ વિચારણા હેઠળ ચર્ચા કર્યા બાદ ફરીથી એકેડેમિક પ્લાનિંગ બોર્ડમાં મુકવું. |
| બાબત નં. 46.09<br>ઠરાવ | લાયબ્રેરી કમિટીની અગિયારમી બેઠકની કાર્યનોંધ બાબત.<br>લાયબ્રેરી કમિટીની અગિયારમી બેઠકની કાર્યનોંધને બોર્ડ દ્વારા બહાલી આપવામાં આવી. |
| બાબત નં. 46.10<br>ઠરાવ | નવા કોર્સ શરૂ કરવા બાબત અને નવા અભ્યાસકેન્દ્રો તેમજ કાર્યરત કેન્દ્રોમાં વધુ અભ્યાસક્રમ ફાળવવા બાબત.<br>૧. યુનિવર્સિટી દ્વારા વેલ્યુ એજ્યુકેશન અંતર્ગત બ્રહ્મકુમારી સાથે થયેલા MOU મુજબના કોર્સ આગામી દિવસોમાં અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે.<br>• સર્ટીફીકેટ કોર્સ ઇન વેલ્યુઝ એન્ડ એથીક્સ<br>• ડિપ્લોમા ઇન વેલ્યુ એજ્યુકેશન એન્ડ સ્પીરીચ્યુલીટી<br>૨. આગામી શૈક્ષણિક વર્ષથી MBA નો અભ્યાસક્રમ શરૂ કરવા માટેની પ્રક્રિયા આરંભ કરેલ છે.<br>3. કોર્પોરેટ સોશીયલ રિસ્પોન્સીબીલીટી (CSR) અંતર્ગત સ્કૂલ ઓફ કોમર્સ & મેનેજમેન્ટ દ્વારા ડિપ્લોમાં ઇન બિઝનેસ મેનેજમેન્ટનો એક વર્ષનો કોર્સ આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવશે. જે અંતર્ગત કોર્સ અંગે નાણાંકીય સહાય CSR દ્વારા આપવામાં આવશે.<br>૪. યુનિવર્સિટી દ્વારા ફેબ્રુઆરી-2018ના સત્રથી નવા અભ્યાસકેન્દ્રો શરૂ કરવામાં આવે છે. તેની યાદી આ સાથે સામેલ છે. જેને બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવે છે.<br>૫. યુનિવર્સિટી દ્વારા ફેબ્રુઆરી-2018થી કાર્યરત કેન્દ્રોમાં વધુ અભ્યાસક્રમો ફાળવવામાં આવેલ છે. જેની યાદી આ સાથે સામેલ છે. જેને બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવે છે.<br>૬. M.A. અને MCA કોર્સ તથા અન્ય સ્કૂલમાંથી ડિગ્રી કોર્સ શરૂ કરવા માટે UGC ધારા-ધોરણ મુજબ લોન્ચ કરવામાં આવશે. |

**બાબત નં. 46.11** — શૈક્ષણિક બજેટ બાબત.

**ઠરાવ** — યુનિવર્સિટી દ્વારા 2018-19ના શૈક્ષણિક બજેટ અંતર્ગત વિવિધ શૈક્ષણિક કાર્યો માટે બજેટની ફળવાની કરવામાં આવેલ છે. જે આ પ્રમાણે છે.

| ક્રમ | બજેટની વિગત | બજેટની ફાળવણી |
|---|---|---|
| 1. | નવા અભ્યાસક્રમ તૈયાર કરવા માટેની ખર્ચ (અભ્યાસક્રમ સમિતિ, વિષય તજજ્ઞના વર્કશોપ, વિષય લેખનકાર્યને લગતું મહેનતાણું) | 1,00,00,000 |
| 2. | આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજવા સંબંધિત અન્ય સંસ્થા/યુનિવર્સિટી સાથે સંયુક્ત ઉપક્રમે | 35,00,000 |
| 3. | યુનિવર્સિટીના 25 માં વર્ષના સ્થાપના દિન નિમિત્તે વિવિધ સ્કૂલ દ્વારા રાષ્ટ્રીય પરીસંવાદ યોજવા માટે | 35,00,000 |
| 4. | યુનિવર્સિટીના 25 માં વર્ષના સ્થાપના દિન નિમિત્તે છાત્રપ્રતિશોધ અંતર્ગત સાંસ્કૃતિક, શૈક્ષણિક અને વ્યક્તિત્વ વિકાસ સંબંધિત પ્રવૃત્તિ માટે | 30,00,000 |
| 5. | યુનિવર્સિટીના અધ્યાપકો માટે સેમિનાર, વર્કશોપમાં ભાગ લેવા માટે સંબંધિત ખર્ચ | 10,00,000 |
| 6. | યુનિવર્સિટી કાઉન્સિલર્સ, મૂલ્યાંકનકાર, પેપર સેટર, લેખકો અને કો-ઓર્ડિનેટર માટે | 10,00,000 |
| 7. | એકેડેમિક લેકચર, રેકોર્ડિંગ અને તજજ્ઞો માટે પુરસ્કાર અને ટ્રાન્સપોર્ટસન ખર્ચ | 20,00,000 |

**બાબત નં. 46.12** — શૈક્ષણિક વર્ષ 2017-18માં અમલમાં આવેલ નવા અભ્યાસક્રમના જે તે વિષયની ક્રેડીટ અનુસાર તેના કાઉન્સેલીંગ સેશનનું આયોજન દરેક સ્કૂલ દ્વારા કરાવવામાં આવે તેની મંજૂરી મેળવવા બાબત.

**ઠરાવ** — શૈક્ષણિક વર્ષ 2017-18થી અમલમાં આવેલ નવા અભ્યાસક્રમમાં જે-તે વિષયની ક્રેડીટ અનુસાર UGCના (Open Distance Learning) રેગ્યુલેશન્સ 2017માં સૂચવ્યા અનુસાર કાઉન્સેલિંગ સેશન કુલ શૈક્ષણિક કાર્યનાં કલાકોના 10% રાખવાનું પ્રાવધાન છે. આમ, યુનિવર્સિટી દ્વારા આ રેગ્યુલેશન્સ મુજબ દરેક વિષયમાં તેના અભ્યાસના કલાકોનાં 10% રાખવાના ઠરાવને બહાલી આપવામાં આવી.

અંતમાં, અધ્યક્ષશ્રીએ આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

O/C Asati.

ડૉ. મનોજ શાહ
કા.નિયામક(એકેડમિક)
સભ્યસચિવ